**Recitation of Ana(n)t Akhādo over 40 days**

**Day 31**

આશાજી દીન રચાવી રચના કીધી, કીઆ હય દીન કીલતારજી;
રસુલથી જો ચાલજ ચાલી, તે અલી કેરા પરીવાર. હરી. (૩૭૬)

આશાજી અલી થકી બહુ ચેનજ ચાલ્યા, સો સતગુર નુરજ પાયાજી;
સાલેહદીન પુરા કહીએ, હુઆ દીન રહેમાન. હરી૦ (૩૭૭)

આશાજી શાહ શમસ કેરા દીન પીછાણ્યા, ચઉદસ તેને પાયાજી;
સુરજ મંગાવી જોત દેખાડી, નર સોહી અવતાર. હરી૦ (૩૭૮)

આશાજી કરણી કારણ ખાલ ઉતારી, પરતક પીર પરમાણીયાજી;
મુઆ જીવતા જે નર કરે, કરણી વીના નહી હોય. હરી૦ (૩૭૯)

આશાજી નસીરદીન નુરજ પાયા, હુઆ સો દીન રહેમાનજી;
હીંદુ કેરી પુજા કરવા, કેને ન પાયા ભેદ. હરી૦ (૩૮૦)

આશાજી ચલતર હીન્દુ અંદર મુસલમાન, કોઇ નવ તેને જાણેજી;
રોમરાએ કાયા નવ રાખે, રાતીયા કરે ઉજાગરા. હરી૦ (૩૮૧)

આશાજી નસીરદીન એવા બુઝરગ કહીએ, કઇ હીંદુને તાર્યાજી;
તીસકી આલ સાહેબદીન હુઆ, કીઆ સો દીન રહેમાન. હરી.(૩૮૨)

**Recitation of Ana(n)t Akh$\bar{a}$*do* over 40 days**

**Day 31 (continued)**

આશાજી સાહેબદ્દીન ગરીબ વેશે, ફકીરી પુરી રાખીજી;
સુફલ તેણે દશોંદજ દીધી, તો પાયા દીન રહેમાન. હરી૦ (૩૮૩)

આશાજી પીર સદરદીન બુઝરગ કહીએ, સો બાર કરોડીના ધણીજી;
કલજુગમાંહે જીવડા તાર્યાં, સાચી દશોંદ આલી. હરી૦ (૩૮૪)

આશાજી પીર હસન કબીરદ્દીન ગરીબ બંદા, હોતા સાહેબજીને શરણેજી;
અણુત કરોડીએ ગુરજી આવ્યા, કરવા જીવુંના કામ. હરી. (૩૮૫)

આશાજી આજ સદરદીન પીર હસન કબીરદ્દીન, કહે સોહી ગીનાનજી,
હુમતમ સરવે દસોંદ દેવે, તો પોહોંચો શાહને દુઆર. હરી. (૩૮૬)

આશાજી આજ નબીની જુગમાંહે આવી, તીનકું પુરા શ્રેવોજી;
આગલ વેલા દોએલી આવે, તે માંહે ન રહેવે ચીંત. હરી. (૩૮૭)

Credits: Pir Hasan Kabirdin's Ana(n)t Akh$\bar{a}$*do*. Published by the Ismailia Association for India, Bombay. 1949; 1952. Layout of the original publication in a 40-day recital format by Noorallah G. Juma, Ph.D. (SalmanSpiritual.com)